દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫

# માર્ગ અકસ્માતો: લોક જાગૃતિ ઝુંબેશ વધારવા સાથે કાયદા પણ સખત બનાવવા જરૂરી

ભારતમાં માર્ગ અકસ્માતો એક મહત્વની જાહેર ચિંતાનો વિષય છે, 2022 માં 150,000 થી વધુ મૃત્યુ માટે 450,000 થી વધુ નોંધાયેલા અકસ્માતો જવાબદાર હતા. જો કે, એવી શક્યતા છે કે સત્તાવાર આંકડા માર્ગ અકસ્માતોથી થતા મૃત્યુનું સંપૂર્ણ પ્રમાણ ચૂકી ગયા હોય એટલે કે આ અંદાજ હજી નીચો હોઇ શકે છે. ૨૦૨૨ના આંકડા ઉપલબ્ધ છે, જે પછીના વર્ષોમાં આ આંકડો કદાચ મોટો થયો હશે. અને આમાં મહત્વની વાત હાલમાં એ બહાર આવી છે, જે ખુદ પરિવહન મંત્રીએ જણાવી છે અને તે એ કે મોટા ભાગના માર્ગ અકસ્માતો લોકોની બેદરકારી અને અયોગ્ય વર્તનના કારણે થતા હોય છે. માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ હાલ પુરા થયેલા સંસદના શિયાળુ સત્રમાં બોલતા જણાવ્યું હતું કે મોટાભાગના માર્ગ અકસ્માતો લોકોના વર્તન સાથે જોડાયેલા હોય છે, જેઓ ઘણીવાર સલામતીના ધોરણોનું ઉલ્લંઘન કરે છે. તેમણે લોકસભા સાંસદોને તેમના મતવિસ્તારમાં માર્ગ સલામતી ઝુંબેશ હાથ ધરવા કહ્યું હતું.

દર વર્ષે ૫ લાખ માર્ગ અકસ્માતો થાય છે અને ૧.૮૦ લાખ લોકો જીવ ગુમાવે છે, જેમાં મોટાભાગે યુવાનોનો સમાવેશ થાય છે, તે અંગે દુ:ખ વ્યક્ત કરતાં ગડકરીએ સ્પીકર ઓમ બિરલાને આ સમસ્યાનો સામનો કરવા માટે સાંસદો પાસેથી સૂચનો મેળવવા માટે માર્ગ સલામતીના પગલાં પર અલગ ચર્ચા યોજવા વિનંતી કરી હતી. તેમની વાત બરાબર છે. સંસદમાં ખરેખર તો આવી બાબતોની ચર્ચા થવી જોઇએ. મારે ખૂબ જ દુ:ખ સાથે કહેવું પડે છે કે માર્ગ અકસ્માતો માનવ વર્તન સાથે જોડાયેલા છે. માર્ગ સલામતીના નિયમોનું કોઈ ધ્યાન રાખવામાં આવતું નથી. દર વર્ષે માર્ગ અકસ્માતોમાં લગભગ ૧.૮૦ લાખ જીવ ગુમાવે છે જે કોઈપણ યુદ્ધ અથવા કોવિડ રોગચાળામાં ગુમાવેલા જીવ કરતાં વધુ છે. યુવાનો જીવ ગુમાવી રહ્યા છે, ” એમ મંત્રીએ સંસદના નીચલા ગૃહ લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન એક સાંસદના પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું. ગડકરીએ કહ્યું કે માર્ગ અકસ્માતમાં મૃત્યુના ૬૬ ટકા ૧૮-૩૪ વર્ષની વય જૂથના લોકોનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે ભલે મંત્રાલય લોકોને માર્ગ સલામતીના ધોરણો વિશે શિક્ષિત અને સંવેદનશીલ બનાવવા માટે ઝુંબેશ ચલાવી રહ્યું છે, પરંતુ તેમાં કોઈ ખાસ સુધારો જોવા મળી રહ્યો નથી. ગડકરીએ ગૃહમાં સાંસદોને તેમના મતવિસ્તારમાં લોકોને સંવેદનશીલ બનાવવા માટે માર્ગ સલામતી કાર્યક્રમો હાથ ધરવા કહ્યું. તેમણે સ્પીકરને આ મુદ્દા પર ગૃહમાં અલગ ચર્ચા યોજવા પણ કહ્યું. આ અંગે, બિરલાએ સભ્યોને તેમના સંબંધિત મતવિસ્તારમાં માર્ગ સલામતી માટે લક્ષિત ઝુંબેશ હાથ ધરવા પણ ટકોર કરી હતી. મંત્રીએ કહ્યું કે સરકારે એક યોજના શરૂ કરી છે, જેના હેઠળ જે વ્યક્તિ કોઈપણ માર્ગ અકસ્માતનો ભોગ બનેલા વ્યક્તિને હોસ્પિટલમાં લઈ જશે તેને 25,000 રૂપિયા આપવામાં આવશે અને તેને ‘રાહ-વીર’ કહેવામાં આવશે. આ એક સારી યોજના છે, કારણ કે ઘણી વખત લોકો અકસ્માતમાં ભોગ બનેલાને મદદ કરવાનું ટાળે છે અને ભોગ બનેલ વ્યક્તિ રસ્તા પર જ મરી જાય છે. ગડકરીએ જણાવ્યું હતું કે સરકારે 7,000 બ્લેકસ્પોટ્સ નક્કી કર્યા છે અને તેના માટે રૂ. 40,000 કરોડ ફાળવ્યા છે. સરકાર દ્વારા બ્લેકસ્પોટ્સ તેને ગણાવવામાં આવે છે જે સ્થળોએ વારંવાર મૃત્યુ અને ગંભીર ઇજાઓ સાથેના અકસ્માતો થાય છે જે સંબંધિત રાજ્ય સરકારો પાસેથી પ્રાપ્ત થયેલા અકસ્માત અહેવાલોના આધારે કરવામાં આવે છે.

સત્તાવાર રીતે નોંધાયેલા આંકડાઓ દ્વારા પણ, ભારતમાં વિશ્વના કોઈપણ દેશ કરતાં માર્ગ અકસ્માતમાં મૃત્યુની સંખ્યા સૌથી વધુ છે અને વિશ્વના માર્ગ અકસ્માતોમાં તેનો હિસ્સો 11% છે. જો કે, તેની વસ્તીના પ્રમાણમાં, ભારતમાં માર્ગ અકસ્માતથી મૃત્યુ દર વૈશ્વિક સરેરાશ કરતા ઓછો છે. પરંતુ તે પાકિસ્તાન અને શ્રીલંકા જેવા પડોશી દેશો કરતા વધુ છે. લોકોની બેદરકારીઓ એક મહત્વનું કારણ આ માટે જણાઇ છે. હાલની ઝુંબેશોની ઓછી અસર જોતા માર્ગ અકસ્માતો અંગે લોકજાગૃતિ ઝુંબેશ વધુ સઘન બનાવવાની જરૂર છે જ પરંતુ રફ ડ્રાઇવિંગ જેવા ગુનાઓ માટે કાયદાઓ પણ સખત બનાવવાની જરૂર છે.

## આપણા મનનો ડર

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

આશ્રમમાં એક નવો શિષ્ય બધી વાતે ડરતો. ગુરુજીથી ડરતો, કોઈ પણ સવાલ પૂછતાં ડરતો, કોઈ પણ કામ કરતાં ડરતો. સાથી શિષ્યોથી પણ ડરતો અને તેને ડરતો જોઈને બધાં તેને વધુ ડરાવતાં. ગુરુજીની પારખુ નજરોએ જોઈ લીધું કે નવો શિષ્ય ડરે છે એટલે બધા તેને વધુ ને વધુ ડરાવે છે. ગુરુજીએ પોતાના પ્રાર્થના પછીના પ્રવચનમાં કહ્યું, ‘‘આપણે બધા જ એક પ્રકારની જેલમાં રહીએ છીએ !’’ બધાં શિષ્યોને નવાઈ લાગી. એક બટકબોલો શિષ્ય બોલ્યો, ‘‘ગુરુજી, અમે તો તમારા આશ્રમમાં રહીએ છીએ તો શું તમારો આશ્રમ જેલ છે?’’ ગુરુજી બોલ્યા, ‘‘મારો આશ્રમ જેલ નથી પણ આપણે બધાં જ એક જેલમાં ચોક્કસ રહીએ છીએ.’’ એક શિષ્યે પૂછ્યું, ‘‘ગુરુજી, આપણે કઈ જેલમાં રહીએ છીએ?’’ ગુરુજીએ કહ્યું, ‘‘ આપણે બધાં જ આપણા મનમાં રહેલા કોઈક ને કોઈક પ્રકારના ડરની જેલના જેલવાસીઓ છીએ. આપણા મનમાં રહેલો ડર આપણને હંમેશા બંદી બનાવીને રાખે છે.’’ બધાં શિષ્યો વિચારમાં પડી ગયા અને તેમને લાગ્યું કે હા, વાત તો સાચી છે. દરેકના મનમાં કોઈક ને કોઈક વસ્તુનો ડર હોય છે. બધાં શિષ્યોને વિચારમાં જોઈ ગુરુજીએ આગળ કહ્યું, ‘‘ તમે બધાં મારી વાત સાથે સંમત તો હશો જ કે તમારા બધાના જ મનમાં કોઈ ને કોઈ પ્રકારનો ડર ચોક્કસ હોય છે અને આ ડર તમને બંદી બનાવીને રાખે છે. એ ડરથી તમારે મુક્તિ મેળવવાની જરૂર છે. સાચી જીવન જીવવાની આઝાદી. સાચી મુક્તિ ત્યારે જ મળે છે જ્યારે તમે તમારા મનના ડરની બેડીઓને તોડીને આગળ વધો. આ ડર કોઈ પણ હોઈ શકે, ભૂત, પ્રેત, પિશાચનો જ ડર લાગે એવું નથી. રાત્રિના અંધકારનો કે સ્મશાનમાં રહેવાનો ડર લાગે એવી વાત નથી. આ ડર કોઈ નવું કામ કરવાની શરૂઆત કરવાનો પણ લાગે છે. ડર હું સારું કરી શકીશ કે નહીં તે વિચારનો પણ લાગે છે. ડર લાગે છે કે લોકોને હું ગમીશ કે નહીં? દરેકને ડર લાગે છે કે લોકો મને સ્વીકારશે કે નહીં. દરેકને ડર લાગે છે કે મારાથી કોઈ ભૂલ થશે તો? કોઈ હાંસી ઉડાડશે તો? આવા અનેક પ્રકારના નાના નાના ડરથી આપણે બધા જ કેદખાનામાં બંધાઈને રહીએ છીએ. આ ડરની બેડીઓ આપણને ક્યારેય છોડતી નથી.’’ હંમેશા ડરતાં નવા શિષ્યે કહ્યું, ‘‘ ગુરુજી તમે કહો છો તે પ્રકારના ડરમાંથી તો છૂટવું અશક્ય છે કારણ કે કોઈક ને કોઈક ડર તો મનમાં રહેલો જ હોય છે.’’ ગુરુજી બોલ્યા, ‘‘ આ બધા જ ડરમાંથી છૂટવું જરૂરી છે કારણ કે તમારા મનનો ડર તમને એક કેદી બનાવે છે જ્યારે તમારા જ પોતાના મનના ડરમાંથી મુક્તિ તમને સ્વતંત્રતાનો અનુભવ કરાવે છે. આ ડરમાંથી મુક્તિ મેળવવા માટે જે વસ્તુનો ડર લાગે છે તે વસ્તુથી દૂર ન ભાગો. તેનો સામનો કરો. આત્મવિશ્વાસ કેળવો. ભલે અસફળ થવાનો ભય હોય છતાં પણ એક વાર સામનો કરીને કાર્ય કરવાની શરૂઆત કરો. હિંમત રાખી આત્મવિશ્વાસ સાથે આગળ વધો.’’ ગુરુજીએ સુંદર સમજ આપી.

# શિક્ષણ સંસ્થાઓમાં શિયાળો એટલે વૈવિધ્યસભર આવક કમાવાની ઋતુ, ધમધોકાર ધંધાનો સમય

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

અમદાવાદમાં ખાનગી સ્કૂલો બાળકોને પોતાને ત્યાંથી જ સ્વેટર ખરીદવા ફરજ પાડે છે તેવી ફરિયાદ ઊભી થઈ છે. આવી ફરિયાદો માત્ર અમદાવાદમાં નહીં, સુરત, વડોદરા જેવાં તમામ મોટાં શહેરોમાં થાય છે અને તે પણ માત્ર સ્વેટર ખરીદવા માટે નહિ. શિક્ષણ અને શિક્ષણ સહાયક બધી જ બાબતો માટે. હવે શિક્ષણ સંસ્થાઓ વ્યાપારી કેન્દ્રો બની ગયાં છે.

શિયાળો આવે એટલે શાળા કોલેજોમાં વિવિધ પ્રવૃત્તિઓની મોસમ જામે. શિક્ષણ સાથે આ પ્રવૃત્તિઓ જરૂરી પણ છે. નાના પ્રવાસ, રમત ગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, યુવક મહોત્સવ, વાર્ષિકોત્સવ, શિક્ષણ સંકુલને ઉત્સાહ અને રંગોથી ભરી દે છે. આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીમાં સમૂહ જીવનના ગુણ ખીલવે છે. તેનામાં રહેલી શક્તિઓ બહાર લાવવામાં મદદ કરે છે. માત્ર વ્યવસાયલક્ષી અને પરિણામલક્ષી થનાર બાળકો કે વાલીઓ વ્યક્તિત્વ-વિકાસનાં અન્ય પાસાંઓની ઉપેક્ષા કરે છે. જો કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં આ વલણ વધ્યું છે. માતા પિતા જ બાળકોને શિક્ષણ સિવાયની કોઈ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા દેતાં નથી પણ આ બધું ઉચ્ચ વર્ગ અને ઊંચી ફીવાળી શાળાઓમાં થાય છે. વળી, આજના સમયમાં મધ્યમમાર્ગી શાળા કોલેજોમાં આ તમામ પ્રવૃત્તિઓ સંચાલકો તો માત્ર આવક કમાવા માટે જ હથિયારરૂપ માને છે અને માટે પ્રવાસનું આયોજન હોય કે વાર્ષિકોત્સવ એ વિદ્યાર્થીઓના આંતરિક ગુણ ખીલવવા કરતાં કમાણીનું સાધન છે.

ગયા વર્ષે ગુજરાતના શિક્ષણમંત્રીશ્રીએ જાહેર કરવું પડ્યું હતું કે વિદ્યાર્થીઓ જ્યાંથી ઈચ્છે ત્યાંથી અને જેવું ઈચ્છે તેવું સ્વેટર ખરીદી શકશે. આ જાહેરાતને આપણાં સમાચાર માધ્યમોએ ચમકાવ્યા પણ ખરા પણ કોઈએ એ ન કહ્યું કે આ કેવું શાસન, જ્યાં શાળાઓ વિદ્યાર્થીઓને ફરજિયાત સ્વેટર ખરીદવા દબાણ કરે છે અને શિક્ષણમંત્રીએ વચ્ચે દખલ કરવી પડે છે અને સ્વેટર ખરીદવાની ફરજ પાડવી તે તો હિમશિલાની ટોચ છે. વાસ્તવમાં તો આ ઋતુ એ કમાણીની ઋતુ છે. શાળા સંચાલકો હવે ખાનગી ટુર્સ ટ્રાવેલ સાથે ગઠબંધન કરે છે, કોઈ પૂછતું નથી કે શા માટે સરકારી બસોનો ઉપયોગ નથી થતો. વળી પ્રવાસના નામે વિદ્યાર્થી દીઠ બે ત્રણ હજાર ઉઘરાવવામાં આવે છે. વાલીઓ કે પત્રકારો કોઈને આ બાબત ઉઘાડી પાડવી ગમતી નથી.

**શાળા સંચાલકો હવે ખાનગી ટુર્સ ટ્રાવેલ સાથે ગઠબંધન કરે છે, કોઈ પૂછતું નથી કે શા માટે સરકારી બસોનો ઉપયોગ નથી થતો. વળી પ્રવાસના નામે વિદ્યાર્થી દીઠ બે ત્રણ હજાર ઉઘરાવવામાં આવે છે. વાલીઓ કે પત્રકારો કોઈને આ બાબત ઉઘાડી પાડવી ગમતી નથી**

વાર્ષિકોત્સવ પણ હવે ખાનગી સ્કૂલોમાં કમાણીનું સાધન બન્યું છે. પહેલાં આવા સાંસ્કૃતિક કાર્યક્રમ સ્કૂલોના ખર્ચે થતા હતા. હવે આ કાર્યક્રમ વિદ્યાર્થીના ખર્ચે થાય છે. ડાન્સમાં ભાગ લેનારા વિદ્યાર્થી ડાન્સનો ડ્રેસ તે પોતાના ખર્ચે લાવે છે.

આપણે ક્યારેય વિચારતા નથી કે સરકારનું મૂળભૂત કામ કાયદો વ્યવસ્થા જાળવવાનું છે. શાળા કોલેજો મનફાવે તેમ ફી ઉઘરાવી ન શકે. સલામતીનાં પગલાં લીધા સિવાય પ્રવાસનું આયોજન થઈ જ કેવી રીતે શકે. સ્કૂલ ડ્રેસ, પુસ્તકો, સ્વેટર, સ્કૂલ પાસેથી જ ખરીદવું તેવું કહી જ કેવી રીતે શકે? આમાં રોજ એક એક બાબત માટે મંત્રી શ્રીએ જાહેરાતો ના કરવાની હોય. શાળાઓ પ્રવેશ વખતે જ અદ્ભુત ફી ઉઘરાવી લે છે પછી વરસ દરમિયાન જુદાં જુદાં કારણોસર વાલીઓને ખંખેર્યા કરે તે કોઈ કાળે ચાલે નહીં. થોડાં વર્ષો પહેલાં અમદાવાદની સ્કૂલના પ્રવાસમાં વિદ્યાર્થીના આકસ્મિક મૃત્યુ બાદ હાઈકોર્ટે કડક ચુકાદા આપ્યા અને શિક્ષણ વિભાગે કડક સૂચનાઓ જાહેર પણ કરી. વર્ષ જતાં આ સૂચના ઘોળીને પી ગયા. વિભાગ પણ બધું ભૂલી ગયું. કોલેજો ડેવલપમેન્ટ કે સાંસ્કૃતિક પ્રવૃત્તિના નામે ફી ઉઘરાવી નહીં શકે તેવા ગુજરાત હાઈકોર્ટના બે બે વારના ચુકાદા પછી પણ ગુજરાતમાં કોલેજો બેફામ ફી ઉઘરાવી રહ્યું છે.

પ્રશ્નો ઘણા છે. મૂળ પ્રશ્ન એ છે કે ગુજરાતમાં છેલ્લાં વર્ષોમાં પ્રજાકીય જાગૃતિમાં ઓટ આવી છે. સ્કૂલ રીક્ષાઓમાં વિદ્યાર્થીઓ ભરવામાં આવે જ છે. ફી માં લુંટ ચાલે જ છે. ટ્યુશન પ્રથા તો મોટો વ્યવસાય બની છે. લાયકાત વગરના ઓછા પગારનાં શિક્ષકો અધ્યાપકો ચારેકોર છે પણ હવે પ્રજા કે મીડિયામાં પહેલાં જેવો હોબાળો નથી. જાણે બધું કોઠે પડી ગયું છે. ખાનગી બસો, જીપમાં વિદ્યાર્થીઓ જીવના જોખમે અપ-ડાઉન કરે છે. શાળા કોલેજ આજુબાજુ બિનઆરોગ્યપ્રદ ખાવાનું મળે છે, ખવાય છે. સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ જીવના જોખમે ભણે છે. ઉત્તર ગુજરાતની સ્કૂલ બસને અકસ્માત નડ્યો તેવા નાના મોટા અકસ્માત થયા જ કરે છે અને છાપાના નાના ખૂણે સમાચાર છપાયા કરે છે. આપણી જવાબદારી પૂરી. ખરેખર જે સમાજના જાહેર જીવનમાંથી નિસ્બત ખતમ થઈ જાય છે ત્યાં પ્રગતિ અટકી જાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ઉંમર અને મોંઘવારી વધે પછી ઘટે નહીં

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’

આંકડા સાથે દોસ્તી ઉંમરની વધી ગઈ

વળગણ વધી ને ઉંમરની રાખ થઈ ગઈ

ઉંમર વટાવી આ મુકામને હું પામ્યો છું

કલમ છૂટી ને હાથમાં લાકડી આવીગઈ

પૃથ્વી ઉપર પડી રહેવાની ઈચ્છા કોને નહિ થાય..? પણ નીતિવાળી ઉંમર કોઈની સગી નહિ થાય. ક્ષણે-ક્ષણે વધે ખરી, ઘટે નહિ. જાહેર રજાના દિવસો બાદ આપતી હોય તો પણ ઉંમર લાંબી થાય. ફાયદો થાય, બીજું શું..? પણ સમયની ફૂટપટ્ટી ક્યારેય થાપ ખાતી નથી. વિકાસ અદ્ભુત થયો, પણ ઉંમરને અટકાવે એવો કોઈ વૈજ્ઞાનિક પાક્યો નથી. અટકવાનું નામ નહિ લે, એનું નામ જ ઉંમર..! ઉંમર બહુ નફફટ છે મામૂ..! ઉંમરને નાકે આવી ગયેલાં હોય, એને તો દીવાલ ઉપર ચીતરેલા પાડા પણ યમરાજના લાગે..! ગભરાટ થાય કે, પાડા જીવ લેવા આવી ગયા કે શું..?

આ તો જિંદગી છે, છોલેલી અખરોટ નથી. જેમ સુરજને સવાર-બપોર ને સાંજ હોય, એમ જિંદગીને પણ ત્રણ તબક્કા હોય..! બચપણથી યુવાની સુધીની ઉંમર રેશમી લાગે, યુવાનીથી વૃદ્ધાવસ્થા સુધીની ઢાકાની મલમલ જેવી લાગે, ને વૃદ્ધાવસ્થા આવે એટલે ખરબચડી થવા માંડે. મોંઢામાં ફર્નીચર ના હોય, ત્યારે જ વટાણા ચાવવાના આવે. એને ઉંમર નહિ, ઉમ્મારો કહેવાય..! ચમનિયાનું હૃદય આજે પણ ડિસેમ્બર મહિનો આવે ને, ધકક..ધકક થવા માંડે. ને પ્રેસર ઊંચા કૂદકા લેવા માંડે. પોતે દેખાય બુદ્ધ જેવો પણ ચહેરા ઉપર ઘરડાઈ દેખાવા માંડે. ૧૯૪૮ નું મોડલ રહ્યું એટલે થાય જ..! માંડ માંડ ડિસેમ્બરના છેલ્લા અઠવાડિયામાં એ પૃથ્વી ઉપર પ્રગટ થયેલો. કોઈ જનમદિવસ ઉજવવાની વાત કરે તો ધરાર ના પાડે કે, બર્થ ડે ઉજવવો એટલે જીવતર ઉપર બુલડોઝર ફેરવવા બરાબર..! જિંદગીનું એક વર્ષ ઓછું થાય ને, તમને ઉજવણી કરવાનું સૂઝે..! એવું ચોખ્ખું સંભળાવી દે...!

એ તો આપણે જાણીએ કે, ઉંમર એક આંકડો છે પણ એના ભેજામાં એ વાત નહિ ઊતરે. એવો જ ભમરો ફરે કે, ડિસેમ્બર મહિનો બારમો, એટલે બારમું જ લાવે..! ઉંમર અને મોંઘવારી વધે પછી ઘટે નહિ..!

૧૯૪૮ ના ડિસેમ્બર મહિનામાં ચમનિયાની ફ્લાઈટ પૃથ્વી ઉપર ‘લેન્ડીંગ’ થયેલી ને દૂધમાં સાકાર ભળે એમ પૃથ્વીમાં ભળી ગયેલો..! ત્યારથી જ પૃથ્વી ઉપર ટ્રાફિક પણ વધેલો. મને કહે. ‘રમેશિયા..!

માન કે ન માન પણ ઉપરવાળાના દરબારમાં પણ Closing Clearance ની સીસ્ટમ હોવી જોઈએ. એ વિના મારો જનમ બારમા મહિનામાં થાય નહિ. Clearance માં પકડાયું હશે કે, ‘લેએએએ... અમુક ‘લોટ’ તો પૃથ્વી ઉપર મોકલવાનો બાકી જ રહી ગયો..! એ વધેલા ‘લોટ’ નો જીવ તે હું..! મને એની વાતમાં દમ એટલે લાગ્યો કે, ડિસેમ્બર મહિનાના છેલ્લા અઠવાડિયામાં કડકડતી ટાઈઢ ઓઢીને લોકો ઘોર નિદ્રામાં ઘોરતાં હતાં ત્યારે વહેલી સવારે જ એ પૃથ્વી ઉપર પ્રગટ થયેલો પણ બગાસું ખાતાં પતાસું પડે એમ, ફ્લાઈટ લેન્ડ થઈ ત્યારે પૃથ્વી ઉપર ઉજવણી ને આતશબાજી ચાલતી હતી. બંદાને એવું પણ લાગેલું કે, ‘વાહ..! લોકો મારા સ્વાગત માટે કેવા થનગની રહ્યાં છે?’ પછી ખબર પડેલી કે, લોકો તો નાતાલની ઉજવણી કરતાં હતાં. બાકી, કોઈ કાનખજૂરાએ પણ આ ફટીચરના જનમની નોંધ નહિ લીધેલી. છતાં ચાલતી ટ્રેનમાં ચઢી ગયા હોય ને બારી પાસે જગ્યા મળી જાય એટલો આનંદ ઉજવણીનો માહોલ જોઈને થયેલો. ઈશ્વરેચ્છા બલિયસી..!

બાકી, ચમનિયાના જનમ સાથે આપણે કોઈ લેવાદેવા નથી. પણ આ તો એક વાત કે, લોકોના જનમમાં પણ કેવી ખૂબી હોય..! માણસ પાસે આધારકાર્ડ હોય કે ના હોય, જનમ તારીખ તો હોય જ..! એટલે કાગળની હોડીમાં બેસીને દરિયાઈ સફર કરવા નીકળ્યો હોય એમ ચમનિયાના જનમ ઉપર ગલગલિયાં કરાવવાની મને ઊપડી..!

આપણે ત્યાં રિવાજ છે કે, માણસ મરે ત્યારે દીવો સળગાવે, ને જનમદિવસની ઉજવણીમાં દીવો હોલવે..! પછી કેક કપાતી હોય ત્યારે, તાબડા પાડીને નારો લગાવે, “ Happy birth day to you..! ને આપણને સંભળાય ‘હવે થોડું રિયુયુઉ..! કેકને બદલે ઉંમર કપાતી હોય એવી વેદના તો થાય પણ ઝામેલી પાર્ટીમાં કહેવાય કોને..? માથા ઉપર દેડકી ડિસ્કો કરતી હોય ને લોકો તાંડવ નાચ કરતાં હોય એવું ફિલ થાય ..! ‘Happy birth day ને બદલે “Happy વ્યર્થ day’ લાગે.! જનમતારીખે એક વર્ષની પથારી ફરી જતી હોય તો ગુદગુદી થોડી થાય..? આ તો પેલા જેવી વાત છે, વિદેશમાં સોલ્લીડ ઝામી ગયા હોય ને, ટ્રમ્પ જેવો ‘ફરિસ્તો’ તેને હાંકી કાઢવાની પેરવી કરે ત્યારે ચચરે તેવો આઘાત તો લાગે. બાકી, આપણે ક્યાં નથી જાણતા કે, જિંદગી એક રંગમંચ છે. જ્યાં દરેકે પોતપોતાનો રોલ ભજવીને ચાલતી જ પકડવાની હોય..! વિદેશના વિઝા તો રીન્યુ પણ થાય, જિંદગીના નહિ..!

મુક્ત જિંદગી જીવી જવાનું ભાન રાખું છું

શ્વાસો બચાવી શરીર સાવધાન રાખું છું.

જીવો અને જીવવા દો ના રાહ પર ચાલી

હૃદયના ખૂણે પોતાનું સ્મશાન રાખું છું .

ઉંમર ભલે સરી જતી રેતી હોય પણ ડિસેમ્બર મહિનાની છાપ સારી તો ખરી. સંસ્કારી મહિનાના કૂખે જનમ મળેલાનો આનંદ ચમનિયાને પણ ખરો. પહેલી ડિસેમ્બરે વિશ્વ એઈડ્સ દિન, ત્રીજીએ વિશ્વ વિકલાંગ દિન, ચોથીએ નૌ-સેના દિન, છઠ્ઠીએ નાગરિક સુરક્ષા દિન, દશમીએ માનવ અધિકાર દિન ને ચોવીસમીએ રાષ્ટ્રીય ગ્રાહક દિન..! ને ૨૫ મી ડિસેમ્બરે નાતાલ ને ૨૬ મી એ પ્રજાસતાક દિન..! છેલ્લું આખું અઠવાડિયું મીની ક્રિસમસ વેકેશન આવે..! કોને આનંદ નહિ થાય? વળી કેવા કેવા મહાનુભાવો ડિસેમ્બરમાં જન્મેલા? ભારતરત્ન અટલબિહારી બાજપાઈ, મહાન ગાયક રફીસાહેબ, પાકિસ્તાનના સ્થાપક મહમદ અલી ઝીણા, પાકિસ્તાની નવાઝ શરીફ, ગઝલસમ્રાટ મિર્ઝા ગાલીબ, સંગીતકાર નૌશાદ જેવા વિખ્યાત માનવીઓ પણ ડિસેમ્બરમાં જ આવેલા. એમાં ચમનિયા જેવો એકાદ કચરો આવી પણ જાય..! (સ્વચ્છતા અભિયાન પણ ચાલવું જોઈએ ને મામૂ..?) આજે એને એક વાતનો સંતોષ ખરો કે, ‘મારા પરિવારમાં કોઈને લવિંગયું ફોડવાનું પણ નહિ ફાવે, પણ નાતાલની વહેલી સવારે જનમ થયેલો હોવાથી, આખું જગત આતશબાજી કરે..!

**આ તો જિંદગી છે, છોલેલી અખરોટ નથી. જેમ સુરજને સવાર-બપોર ને સાંજ હોય, એમ જિંદગીને પણ ત્રણ તબક્કા હોય..! બચપણથી યુવાની સુધીની ઉંમર રેશમી લાગે, યુવાનીથી વૃદ્ધાવસ્થા સુધીની ઢાકાની મલમલ જેવી લાગે,ને વૃદ્ધાવસ્થા આવે એટલે ખરબચડી થવા માંડે**

### લાસ્ટ બોલ

આ વખતે તો ચં.ચી.એ સીધું રણશિંગું જ ફૂંક્યું કે, મારી બર્થ ડે ઉપર આ વખતે મને મોંઘામાં મોંઘા સ્થળ ઉપર ફરવા લઇ જજો.

ચમનિયો, બર્થ-ડે ના દિવસે વાઈફને સ્મશાનભૂમિ બતાવવા લઇ ગયો.

ચંચી કહે, ‘ મને અહીં કેમ લઇ આવ્યા?’

અરે..આ જ તો મોંઘામાં મોંઘું સ્થળ છે..! તને ખબર છે આ જગ્યા ઉપર આવવા માટે માણસે જાન આપી દેવો પડે છે..!

તારા કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સદાબહાદુર સૂર સમ્રાટ રફીજી

24 મી ડિસેમ્બર એટલે ખુદાના બંદા જેવા એક નેકદિલ માનવીનું આ ધરા પર આગમન. એ દિવસ હતો સંગીત સમ્રાટ બૈજુ બાવરાનો જન્મદિન! રફીજીની યાત્રા શાહજહાંના ગીતથી અને નૌશાદજીનાં સંગીતથી શરૂ થયેલી કોરસ ગીતમાં એક નાનકડો છોકરો ગાતો હતો. તે નૌસાદજીની હીરાપારખું નજરમાં આવી ગયેલો. ને બૈજુબાવરાથી રફીજીના સિતારો ચમકવા લાગ્યો. ઓ... દુનિયા કે રખવાલે ગીત એટલું જ પ્રસિધ્ધ થયું. કોહીનૂરના હીરા જોવું ભજનમાં રફીજીએ પ્રભુ સાથે તાદાત્મ્ય સાધી ગાયેલું. ગીતના સર્જક પણ એવા અને સ્વીકાર પણ એવા જ. પછી ગીતને ચાર ચાંદ લાગી જાય જ ને. પછી તો રફીજી એવા એવા ગીતો આપ્યા કે બધાં જ હીરોને જાણે પોતે ગાતા હોય તેવું લાગે. રફીજી જ્યરે ન રહ્યા ત્યારે શમ્મીકપૂર રડતાં રડતાં બોલેલા કે મે તો મારો અવાજ જ ગુમાવી દીધો છે. દિલીપ કુમારનું લીડરનું ગીત, મનોજ કુમારના ગીતો, રાજેન્દ્ર કુમારના ગીતો, જિતેન્દ્રનુ મસ્ત બહારોં કા મેં આશિક... સુનીલ દત્તનું બડી દેર ભયી નંદલાલ... દેવાનંદનું ખોયા ખોયા ચાંદ... જ્હોની વૉકરનું સર જો તેરા ટકરાયે...શિરડી સાઈબાબાનું અમર અકબર એન્થનીનું ઋષિકપુરનું ગીત. આવા અનેક ગીતો જાણે હીરો ગાતા હોય એવું જ લાગે. આવા ગાયક તો ફરી પાછા ક્યારે મળશે. કહેવું મુશ્કેલ છે. અમર થઈ ગયા છે રફીજી.

**સુરત - જયા રાણા**

## સમાજ સામે કડવો સવાલ: 5 વર્ષમાં 700થી વધુ પતિઓની હત્યા, શું પુરુષ પીડિતોની અવગણના?

તાજેતરમાં સામે આવેલા NCRB (નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો) ના આંકડાઓએ સમાજને વિચારવા મજબૂર કર્યો છે. રિપોર્ટ મુજબ છેલ્લાં 5 વર્ષમાં ભારતમાં 700થી વધુ પતિઓની હત્યા નોંધાઈ છે. આ આંકડો સંવેદનશીલતા અને સમજ વધારવા માટે છે.આમ તો ઘરેલું હિંસા કહેતાં જ વાત ઘણી વાર એકતરફી રીતે રજૂ થાય છે. પરંતુ આ ડેટા સ્પષ્ટ કરે છે કે,હિંસાનો ભોગ કોઈ પણ બની શકે છે ,સ્ત્રી કે પુરુષ, દરેક હત્યા પાછળ તૂટેલા સંબંધો, અસફળ સંવાદ અને સિસ્ટમની ચુપ્પી છુપાયેલી હોય છે. આ મુદ્દો કાયદા સામે કાયદો કરવાનો નથી, પરંતુ ન્યાય, સંતુલન અને માનવ સંવેદના નો છે જ્યાં સ્ત્રીઓના અધિકારોનું રક્ષણ જરૂરી છે, ત્યાં પુરુષપીડિતોની વાત અવગણવી પણ અન્યાય છે. એક જવાબદાર સમાજ તરીકે આપણે સ્વીકારવું પડશે કેઃ ઘરેલુ હિંસા લિંગ-નિરપેક્ષ (Gender Neutral) સમસ્યા છે દરેક પીડિતને સુરક્ષા અને સાંભળવાની તક મળવી જોઈએ. કાયદાનો દુરુપયોગ અને વાસ્તવિક ગુનો – બંને પર સમાન ગંભીર કાર્યવાહી જરૂરી છે. આ સમય છે કે આપણે આંકડાઓને તર્ક વિવાદ નહીં, પરંતુ સંવાદની શરૂઆત બનાવીએ. હિંસા કોઈ સામે પણ થાય – તેનો વિરોધ કરવો એ જ સાચી નાગરિક જવાબદારી છે.

**પરવત ગામ, સુરત- આશિષ ટેલર**

## આઈપીએલની હરાજી પર પ્રતિબંધ મૂકો

પ્રતિવર્ષ યોજાતી 10 ટીમો વચ્ચેની આઈપીએલ ટુર્નામેન્ટમાં લાખો - કરોડો રૂપિયા ભાવ લગાવીને હરાજી બોલાવી ક્રિકેટ ખેલાડીઓને ખરીદવામાં આવે છે. એક બાજુ દેશમાં માથાદીઠ બોજો વધી રહ્યો છે, બેકારી, ગરીબી અને મોંઘવારી બેકાબૂ બની છે, જેના પરિણામે ગુનાખોરી અને ભ્રષ્ટાચાર તેની મહત્તમ સપાટીએ પહોંચી રહ્યો છે. આજે પણ દેશનાં અનેક રાજયોનાં શહેરોમાં એવાં પણ નાગરિકો છે જેમને બે સમયનું પર્યાપ્ત ભોજન પ્રાપ્ત થતું નથી તેમજ વિધવા પેન્શન, કિસાન સમ્માન નિધિ યોજનાના પૈસા ખાતામાં જમા થતા નથી. લાખો પેન્શનરોને આજે પણ માસિક 1000 થી 1500 જેટલું પેન્શન યા જીવનનિર્વાહ કરવો પડે છે. હવે દેશની વર્તમાન સ્થિતિનો અભ્યાસ કરતા દેશની સરકાને એવું કેમ નથી સમજાતું કે લાખો-કરોડોની આઈપીએલ હરાજી પર કાયમી ધોરણે પ્રતિબંધ લગાડવો જરૂરી છે.

**મોટા મંદિર, સુરત - રાજુ રાવલ**

## સાયબર ફ્રોડ સામે જાગૃતિ જરૂરી

સ્માર્ટ ફોન અને ઈન્ટરનેટની સગવડ સાથે ફોન, કમ્પ્યુટર હેક થવાના અને એ દ્વારા અલગ અલગ પ્રકારના સાયબર ફ્રોડ/ સ્કેમ થવાની ઘટનાઓ વધી રહી છે. નાણાં પડાવવા, સેક્સ રેકેટમાં ફસાવવાના અને ડિજિટલ અરેસ્ટના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. આ માટે જુદા જુદા સોશિયલ મિડીયા પ્લેટફોર્મ પર અંગત-પારિવારિક માહિતી મૂકવી, નાણાકીય કે અન્ય લાભ મેળવવાની લાલચ, ડર,હલકી માનસિકતા, ફોન-લેપ્ટોપના સલામત ઉપયોગ બાબતે અજ્ઞાનતા જેવા કારણો જવાબદાર છે. સમગ્ર ગુજરાતમાં પોલીસ વિભાગના સાયબર સેલ દ્વારા લોકજાગૃતિ તથા ભોગ બનનારને બચાવવા માટે સતત પ્રયત્નો થઈ રહ્યા છે. સુરત પોલીસના સાયબર સેલ દ્વારા પણ આવા સંનિષ્ઠ પ્રયાસો થઈ રહ્યા છે. હેકર્સ/ સ્કેમર દ્વારા વપરાતી મોડેસ ઓપરેન્ડીથી માંડીને અલગ અલગ પ્રકારના સ્કેમ સંદર્ભે ઉપયોગી માહિતી અને માર્ગદર્શન અપાય છે, જે સરાહનીય છે. સાયબર અવેરનેસ માટે સમગ્ર સુરત જિલ્લામાં લાયન યોગેશ દેસાઈ આવા સેમિનારોનું સુંદર સંકલન કરી રહ્યા છે. શાળા, કોલેજો અને સામાજિક સંસ્થાઓ આ માટે પ્રયત્ન કરી લોકોને સાયબર ફ્રોડથી બચાવવા સેમિનારોનું આયોજન કરે એ અત્યંત જરૂરી છે.

**સુરત - સુનીલ શાહ**

## આવકાર્ય સજા

જીવનમાં આપણે સતત પરીક્ષાઓ આપવાની થતી હોય છે. વળી, જીવનની પરીક્ષામાં પ્રશ્નો પણ નવાં નવાં જ આવતાં હોય છે. રીપીટ પણ નથી થતાં, આપણે જીવનમાં આવનારી પરીક્ષાઓને પહોંચી વળીએ અને એ માટે સક્ષમ બનીએ,એ માટે અનેક ઉપાયો અજમાવતા હોઈએ છીએ. એમાંનો જ એક ઉપાય એટલે શિક્ષણ. શિક્ષણ માણસને જીવનના પડકારોને પહોંચી વળવા માટે સજ્જ કરે છે અને જીવનને સારી રીતે જીવવા માટેનો રાજમાર્ગ બતાવે છે.પરંતુ શિક્ષણમાં પણ પરીક્ષાઓ હોય છે. શિક્ષણ મેળવવાના ભાગરૂપે અનેકવિધ હેતુસર પરીક્ષા આપવી પડતી હોય છે.અલબત્ત,કેટલાક નબળા મનના વિધાર્થીઓ વિવિધ કારણોસર પરીક્ષામાં ગેરરીતિ આચરતા જોવા મળે છે. પરીક્ષામાં ગેરરીતિ આચરવાનું કૃત્ય અયોગ્ય જ ગણાય. પરીક્ષામાં કોઈ પણ પ્રકારની અનીતિ આચરનારાઓને સજા કરવી જ ઘટે.

પરીક્ષામાં આચરેલા ગુનાના સ્વરૂપ અનુસાર જે તે વ્યવસ્થાતંત્ર દ્વારા વિવિધ પ્રકારની સજા કરવામાં આવતી જ હોય છે અને એ જરૂરી પણ છે. પરંતુ આવી સજાની સાથે બોધ પણ મળે એ જરૂરી છે અને એવો જ એક સુંદર પ્રયાસ હાલમાં જ આપણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. યુનિવર્સિટી દ્વારા પરીક્ષામાં ગેરરીતિ આચરનારા વિધાર્થીઓને આપણા અમૂલ્ય વારસાના પ્રતીક સમાન ભગવત ગીતા આપવાનું ઠરાવવામાં આવ્યું છે. યુનિવર્સિટીનો આ પ્રયાસ કોઈને પણ ગમી જાય એવો છે.

**નવસારી - ઈન્તેખાબ અનસારી**